# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-06-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **ચૈતાલી શાહ** વાંચે છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# PM- SHAPATH SAMAROH

કેન્દ્રમાં નવી સરકારના શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ NDA સંસદીય દળના નેતા નરેન્દ્ર મોદીને નવી સરકાર રચવા આમંત્રણ આપ્યું છે. શપથ ગ્રહણ સમારોહ આવતીકાલે સાંજે સવા સાત વાગ્યે રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, નરેન્દ્ર મોદી અને તેમના  નવા મંત્રીમંડળ સભ્યોને  હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી મોદી ગઈકાલે રાષ્ટ્રપતિને મળ્યા હતા અને નવી સરકાર બનાવવાનો દાવો કર્યો હતો. અગાઉ, ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડાની આગેવાની હેઠળનું NDA પ્રતિનિધિમંડળ પણ રાષ્ટ્રપતિને મળ્યું હતું, અને નરેન્દ્ર મોદીને ભાજપના સંસદીય દળના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હોવાનું જણાવતો પત્ર સોંપ્યો હતો. એનડીએના ઘટક પક્ષો તરફથી સમર્થનનો પત્ર પણ રાષ્ટ્રપતિને સોંપવામાં આવ્યો હતો.

---------------------------

# GNR MAHANAGAR PALIKA

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર, ડેપ્યુટી મેયર અને  સ્થાયી સમિતિના ચેરમેનની સોમવારે નિમણૂંક કરવામાં આવશે.

સોમવારે મળનારી સામાન્ય સભામાં મહાનગરપાલિકાના તમામ કોર્પોરેટરો ઉપસ્થિત રહેશે. આ અંગે ત્રણ નિરીક્ષકો દ્વારા સેન્સ પ્રક્રિયા બાદ નામો ભાજપના પ્રદેશ પ્રમુખને મોકલી આપવામાં આવ્યા છે.

અમારા ગાંધીનગરના પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ પ્રધાનમંત્રીના શપથવિધિ કાર્યક્રમમાં હાજરી આપવા દિલ્હી ગયા હોવાથી ત્યાંથી જ નામો નક્કી કરીને મોકલશે.

-----------------

## HIRAN DAM- GIR SOMNATH

ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ હિરણ-2 ડેમ સાઇટની મુલાકાત લઇને ડેમ પર ચાલતા કામોનું નિરીક્ષણ કર્યું હતું. હિરણ-2 ડેમનું સુરક્ષાને લગતું કાર્ય ચાલી રહ્યું છે, અને આ કાર્ય ચોમાસા પહેલા પૂર્ણ થાય તે માટે જિલ્લા કલેક્ટરે માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લા કલેક્ટર દ્વારા પ્રિ-મોન્સુન કામગીરીના ભાગરૂપે સમગ્ર જિલ્લામાં પાણીના સ્ત્રોતો ઉપરાંત પાણીના નિકાસ માટેની સમસ્યા ઉભી ન થાય તે માટે જિલ્લાભરમાં કામગીરી ચાલી રહી છે. આ મુલાકાત દરમિયાન અધિક નિવાસી કલેક્ટર રાજેશ આલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

----------------

## BHAVNAGAR DUBTA BACHAVYA

ભાવનગરના કોળીયાકના દરિયામાં એક જ પરિવારના પાંચ સભ્યોને ડૂબતા સ્થાનિક તરવૈયાઓએ બચાવી લીધાં છે. જોકે પરિવારના માતા અને પુત્રીઓ પાણી પી જતાં તેમને સારવાર માટે ભાવનગર સર ટી.હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ભાવનગરના બોર તળાવમાં રહેતો પરિવાર ગઇકાલે કોળિયાક સ્થિત નિષ્કલંક મહાદેવ ખાતે સમુદ્રસ્નાન કરવા માટે ગયું હતું. ત્યારે પાણીના વહેણમાં ડૂબવા લાગતા હાજર તરવૈયાઓએ તમામને બચાવી લીધા હતા.

................................

## STATE RAIN

રાજ્યના હવામાન વિભાગે જણાવ્યું કે, આજથી પાંચ દિવસ સુધી દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં વરસાદની આગાહી છે. તે મુજબ દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાનું આગમન થઈ ગયું છે. આજે વહેલી સવારથી છોટાઉદેપુર અને ઓલપાડમાં મુશળધાર વરસાદ વરસી રહ્યો છે. જિલ્લાના રાઠ વિસ્તારમાં મુશળધાર વરસાદ વરસ્યો છે. મધ્યપ્રદેશના ઉપરવાસમાં ભારે વરસાદ વરસતા ઓરસંગ નદીમાં નવા નીરનું આગમન થયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, જિલ્લામાં 7થી 11 જૂન સુધી વરસાદની સંભાવના છે. તે મુજબ આજે ક્વાંટ તાલુકાના રેણદી ગામમાં પસાર થતી તાપણ નદીમાં પૂર આવ્યું હતું.

આજે સવારે સુરતના માંગરોળમાં સૌથી વધુ એક ઈંચ વરસાદ નોંધાયો. જ્યારે ડાંગના સુબિર તાલુકામાં પોણા એક ઈંચ, વઘઈમાં અડધો ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે સુરત, નવસારી, તાપી, સુરત સહિતના જિલ્લાઓમાં સામાન્ય વરસાદ વરસ્યો હતો.

..........

## BANASKANTHA CHOLERA

બનાસકાંઠાના જિલ્લા કલેક્ટરે જાહેરનામુ પ્રસિદ્ધ કરી પાલનપુરના વોર્ડ નંબર - 6 ને "કોલેરાગ્રસ્ત" જાહેર કર્યો છે..

કોલેરાની સમસ્યાના સંદર્ભમાં શક્ય તેટલી ઝડપથી આ રોગચાળા પર કાબૂ મેળવવા આરોગ્ય વિભાગને સૂચના આપવામાં આવી. આ અંગે વધુ માહિતી આપે છે બનાસકાંઠાના નિયંત્રક અધિકારી...

(બાઇટ-નિયંત્રક અધિકારી, બનાસકાંઠા)

.................

## BHAVNAGAR PRE MOONSOON

ભાવનગર જિલ્લા કલેક્ટરે પ્રિ-મોન્સુનની તૈયારીઓ માટે જિલ્લાના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરી હતી. જેમાં ચોમાસા દરમિયાન પૂર, વાવાઝોડું તેમજ ભારે વરસાદ જેવી કુદરતી આપત્તિને પહોંચી વળવા જિલ્લા

વહીવટીતંત્રને સતર્ક રહેવા જણાવ્યું હતું. તેમજ ગ્રામ્ય અને નગર ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અપડેટ કરવાં, તરવૈયા અને રેસ્ક્યુ ટીમો તૈયાર કરવાં, પૂરના કારણે સ્થળાંતર થયેલ હોય તેવા વિસ્તારો ચકાસી વૈકલ્પિક વ્યવસ્થા કરવા, કંટ્રોલ રૂમ શરૂ કરવા જણાવ્યું હતું.

વરસાદી પાણીના નિકાલમાં કચરાથી અવરોધ ઉભો થયો હોય તો તે દૂર કરાવવાંની પણ તાકિદ કરી હતી. આરોગ્ય વિભાગને રોગચાળો ન ફેલાય તે માટે મેડિકલ ટીમો સાથે દવાઓના પૂરતો જથ્થો ઉપલબ્ધ રાખવાં પણ જણાવાયું હતું.

--------------